મોજે: સુલતાનાબાદ, સર્વે નં. ૧૫ પૈકી પ્લોટ નં. ૮૮ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનુ કે, જીલ્લે સુરત તાલુકે મજુરા ના મોજે : સુલતાનાબાદ ના સર્વે નં. ૧૫ જેનો ટી.પી. સ્કીમ નં. ૭૯ જેનો ફાઈનલ પ્લેટનં. ૧૬૫ થી નોંધાયેલ જમીનમાં પાડવાછામા આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. ૮૮ થી નોંધાયેલ મિલકત જેનુ ક્ષેત્રફળ સુમારે ૫૧.૦૨ ચો.મી. છે તે તથા લાગુ માર્જીન ના માલીક મમતાબેન વિલિયમ ડિકોસ્તા, ઠે.: અડાજણ, સુરત ના મજકુર જમીનનાજમીન જેનુ ક્ષેત્રફળ ૨૫.૬૦ ચો.મી. મળી કુલે ૭૬.૬૨ ચો.મી. વાળી જમીન ના ટાઇટલ ચોખ્ખા અને નબોજા તેમજ તેઓ એકલા માલિક હોવાનુ જણાવી મારા અસીલને કબજા સહિત વેચાણ આપવાનુ નકકી કરેલ છે સબબ મજકુર પ્લોટ બાબતે કોઇનો કોઇપણ જાતનો લાગભાગ, હકક, હીસ્સો, બોજો કે વાંધો હોય તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ મા મને લેખિતમાં પુરાવા સહતી જાણ કરવા વિનંતી છે. મુદ્દત વિત્યે તેવા કોઇના તેવા કોઇ હકક યા બોજા નથી, અને હોય તો તે છોડી દીધા છે એમ શુધ્ધ બુધ્ધિપુર્વક માનીને પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેવામાં આવશે, અને પાછળથી કોઇની તરતકરાર ચાલશે નહી, જેની સર્વેએ નોંધ લેવી

મારી મારફત : **નીલકંઠરાય જે. વકીલ** (એડવોકેટ)
ઠે. ૮, દર્શના સોસાયટી, નાનપુરા, કદમપલ્લી, સુરત મો.નં.મો. ૯૮૨૫૯૦૬૨૪૬

જાહેર નોટીસ - મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સુરત શહેર મજુરાની કચેરી

પહેલો માળ,જનસેવા કેન્દ્ર ની બાજુમાં, અઠવાલાઈન્સ,સુરત, ફોન નં.૦૨૬૧-૨૬૫૦૩૩૫ - મેઈલ:01.mammajurat@gmail.com
નં.એમ.એ.જી/વશી.નં.૨૦૫/૨૦૨૫, તા.૨૩/૦૬/૨૦૨૬

અરજદાર :- પ્રવિણભાઈ કાલીદાસ સોલંકી, રહે.૫૬૦, રોહીતવાસ ફળીયુ, વેસુ, સુરત.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી, સુરત મહાનગરપાલિકા, અઠવા ઝોન, સુરત.

વિષય: જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાંવવામાં આવે છે કે અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી પ્રવિણભાઈ કાલીદાસ સોલંકી રહે.૫૬૦, રોહીતવાસ ફળીયુ, વેસુ, સુરતના દાદી રામીબેન દુર્લભભાઈ સોલંકીનું તા.૧૬/૧૧/૧૯૫૫ના રોજ ૫૧૭, હરીજનવાસ ફળીયુ, વેસુ, સુરત ખાતે અવસાન થયેલ છે અને તેમના અવસાનની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે તેની નોંધણી કરવા અત્રેની કોર્ટમાં તા.૨૧/૧૧/૨૦૨૫ના રોજ અરજી દાખલ કરેલ છે. તો સદર અવસાનની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩ માં વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા- વળગતાં ઈસમોને નોંધ લેવી.

આજ રોજ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિકકો

સહી/- (બી.એસ.ધનાણી)
મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સુરત શહેર મજુરા, સુરત.

બેંક ઑફ ઇંડિયા BOI Bank of India

ટેક્ષટાઈલ માર્કેટ શાખા : બીજો માળ, સુરત ટેક્ષટાઈલ માર્કેટ બિલ્ડીંગ, રીંગ રોડ, સુરત-૩૯૫૦૦૨ કોન. : ૦૨૬૧-૨૩૨૧૦૩, ૨૩૫૭૨૧૯
email : textilemarket.surat@bankofindia.bank.in

કબજા નોટીસ [સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ-૮(૧) હેઠળ]

આથી નીચે સહી કરનાર બેંક ઓફ ઈન્ડિયા, ટેક્ષટાઈલ માર્કેટ શાખા, બીજો માળ, સુરત ટેક્ષટાઈલ માર્કેટ બિલ્ડીંગ, રીંગ રોડ, સુરત-૩૯૫૦૦૨ ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨(એકટ નં.૫૪ના ૨૦૦૨) અને આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૩.૦૪.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદાર શ્રી મચ્છીન્દ્ર આનંદ ગાવલે, સહદેવાદાર શ્રી અવિનાશ આનંદ ગાવલે, શ્રીમતી આશા આનંદ ગાવલે અને શ્રી સાગર આનંદ ગાવલે** ને નોટીસમાં દર્શાવેલ કુલ બાકી રકમ **રૂા.૧૪,૭૬,૯૮૩.૧૭ (અંકે રૂા. ચૌદ લાખ છોત્તેર હજાર નવસો ત્યાસી અને સત્તર પૈસા પુરા) તા ૧૪.૦૪.૨૦૨૬ ના રોજ** ના વધારાનું વ્યાજ અને આકસ્મીક ચાર્જીસ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર/ જામીનદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે આ ધારાની કલમ ૧૩ (૪) હેઠળ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ આ ધારાના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૨૦મી જુન ૨૦૨૬** ના રોજ **સાંકેતિક કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદાર/જામીનદાર અને જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ ઈન્ડિયા ટેક્ષટાઈલ માર્કેટ શાખા,બીજો માળ, સુરત ટેક્ષટાઈલ માર્કેટ બિલ્ડીંગ, રીંગ રોડ, સુરત-૩૯૫૦૦૨** ની રકમ **રૂા.૧૪,૭૬,૯૮૩.૧૭ (અંકે રૂા. ચૌદ લાખ છોત્તેર હજાર નવસો ત્યાસી અને સત્તર પૈસા પુરા)** તા ૧૪.૦૪.૨૦૨૬ ના રોજ ના વધારાનું વ્યાજ અને આકસ્મીક ચાર્જીસ આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર નું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતોનું વર્ણન

પ્લોટ નં.૨૮૦, શિવ સાગર રેસીડેન્સી, વિભાગ-૧, ગોલ્ડન પોઈન્ટ પાછળ, સાંઈ કુટિર રેસીડેન્સી નજીક, હલધરૂ ગામ રોડ, રે.સ.નં.૧૦૩ અને ૧૪૦/૨, બ્લોક નં. ૧૦૫ મોજે દાસ્તાન, તા. પલસાણા, સુરત. **Asset ID: 200022216156 SI ID 400022264850.**

ચતુર્દિશાઓ	વેચાણ મુજબ	મુલ્યાંકન અહેવાલની સાઈટ મુજબ
ઉત્તર તરફ	જોડેનો પ્લોટ નં.૨૮૧	પ્લોટ નં.૨૮૧
દક્ષિણ તરફ	જોડેનો પ્લોટ નં.૨૭૯	પ્લોટ નં.૨૭૯
પુર્વ તરફ	જોડેનો સોસાયટી આંતરીક રોડ	પ્રવેશ, આંતરીક રોડ અને પ્લોટ નં.૨૬૫
પશ્ચિમ તરફ	જોડેનો પ્લોટ નં.૨૯૭	પ્લોટ નં.૨૯૭

તા. ૨૦.૦૬.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકારી અધિકારી,બેંક ઓફ ઈન્ડિયા, ટેક્ષટાઈલ માર્કેટ શાખા, સુરત

ઋણ વસૂલી અધિકારી-II

ભારત સરકાર (નાણાં મંત્રાલય)
ચોથો માળ, બીખુભાઈ ચેમ્બર્સ, ઈનિક પેટ્રોલ પંપ સામે, એલીઝબ્રીજ, અમદાવાદ -૩૮૦૦૦૬.
ફોર્મ નં. ૧૪ [જુઓ નિયમન ૩૩(૨)]

આર.પી/આર.સી. નં.	૩૬૪/૨૦૧૬	ઓ.એ. નં.	૪૫૯/૨૦૧૩
બેંક ઓફ બરોડા		પ્રમાણપત્ર ધારક બેંક	
વિરૂધ્ધ			
મેસર્સ હરીહર કોલ્ડ સ્ટોરેજ અને અન્યો		પ્રમાણીત દેવાદાર	

પ્રતિ, **માંગણા નોટીસ**

પ્રમાણીત દેવાદાર નં. ૧ : મેસર્સ હરીહર કોલ્ડ સ્ટોરેજ, : મુ.૯/૧૮૭૫, ૧લો માળ બાલાજી રોડ, લાલગેટ, સુરત.
પ્રમાણીત દેવાદાર નં. ૨ : શ્રીમતી દિપ્તીબેન ચેતનભાઈ ખાડેપીમ, : મુ.૯/૧૮૭૫, ૧લો માળ સુંદર સદન, બાલાજી રોડ, લાલગેટ, સુરત.
પ્રમાણીત દેવાદાર નં. ૩ : શ્રી ચેતનભાઈ કિષ્ણકાંત ખાડેપીમ, : મુ.૯/૧૮૭૫, ૧લો માળ બાલાજી રોડ, લાલગેટ, સુરત.
પ્રમાણીત દેવાદાર નં.૪ : શ્રી આશિતભાઈ જીતેન્દ્રભાઈ શાહ (મુતક) , : જૈન દેરાસર સામે, મઢી, તા. બારડોલી, જી.સુરત.
મુતક પ્રતિવાદી નં. ૪ ના કાનુની વારસદાર
૪.૧ : શ્રીમતી હેતલબેન આશિતભાઈ શાહ
૪.૨ : સગીર સમર્થકુમાર આશિતભાઈ શાહ
૪.૩ : સગીરા નુપુરકુમારી આશિતભાઈ શાહ
૪.૧ થી ૪.૩ નુ સરનામું : જૈન દેરાસર સામે, મઢી, તા. બારડોલી, જી.સુરત.
પ્રમાણીત દેવાદાર નં.૫ : શ્રી કિષ્ણકાંત સુંદરલાલ ખાડેપીમ, : મુ.૯/૧૮૭૫, ૧લો માળ સુંદર સદન, બાલાજી રોડ, લાલગેટ, સુરત.

માનનીય પ્રિસાઈડીંગ ઓફિસર, ડેબ્ટસ રિકવરી ટ્રીબ્યુનલ-II અમદાવાદ દ્વારા પસાર કરાયેલ **ઓ.એ.નં.૪૫૯/૨૦૧૩** માં જારી કરાયેલ રિકવરી સર્ટિફિકેટને ધ્યાનમાં રાખીને **રૂા.૪૩,૪૯,૩૨૬.૫૦/- (અંકે રૂપિયા ત્તેતાલીસ લાખ ઓગણપચાસ હજાર ત્રણસો છવ્વીસ અને પચાસ પૈસા પુરા)** ની રકમ **તા.૦૯/૧૨/૨૦૧૩** ના રોજ વ્યાજ સહીત ના અને **તા.૧૦/૧૨/૨૦૧૩** ના રોજ થી વાર્ષિક વધારાના વ્યાજ વત્તા કોસ્ટ **રૂા.૭૧,૦૦૦/-** સહિત તમારી સામે બાકી છે. (જો, કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરવામાં આવશે.)

અહીં તમને જણાવવમાં આવે છે કે ઉપરોકત રકમ નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં ભરપાઈ કરી દેવી તેમ કરવામાં કસુર થયે નિયમ પ્રમાણે વસુલાત કરવામાં આવશે.

વધારામાં તમારે ઉપર દર્શાવેલ રકમ ઉપરાંત નીચે પ્રમાણે રકમ ચુકવવી પડશે.
(a) વસુલાત સર્ટીફીકેટમાં દર્શાવેલ શરત મુજબના ચુકવવા પાત્ર કોસ્ટ અને વ્યાજ
(b) બાકી કોસ્ટ, ચાર્જીસ અને ખર્ચાઓ સહીત રકમની વસુલાત માટે થતા તમામ ચાર્જીસ જેવા કે નોટીસ અંગેની કાર્યવાહી અને અન્ય આગળની કાર્યવાહીના.

મારી સહી અને પંચના સિકકા સાથે આપવામાં આવ્યું ૧૭.૦૬.૨૦૨૬

આગળની સુનાવણીની તારીખ : ૨૧/૦૮/૨૦૨૬ — સિકકો — (રાજેશકુમાર શર્મા) વસુલી અધિકારી-II ઋણ વસુલી અધિકરણ-II, અમદાવાદ

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા Central Bank of India

ગંગાધરા શાખા : ગંગાધરા, તાલુકા-પલસાણા, સુરત-૩૯૪૩૧૦.

પઝેશન નોટીસ

ધી સિકયોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨, નિયમ ૮(૧)

આથી, **(સ્થાવર મિલકત માટે)**

નીચે સહી કરનાર **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, ગંગાધરા શાખા, સુરત** ના અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટાઈઝેશન એન્ડ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા કલમ ૧૩(૧૨) અને ૧૩(૨) હેઠળ મળેલી સત્તા સાથે ધી સિકયોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ સાથે વંચાણે લેતા અંતર્ગત **તા. ૧૯.૦૯.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ દ્વારા કરજદાર **શ્રીમતી સવીતા ગીતાદેવી શિવકાંતા (કરજદાર), શ્રીમતી સવીતા શિવકાંતા સંતોષકુમાર (સહ-કરજદાર)**ને નોટીસમાં જણાવેલ રકમ **રૂા. ૭,૩૨,૭૨૬/- (રૂા. સાત લાખ બત્રીસ હજાર સાતસો છવીસ પુરા)** ચડત વ્યાજ, અન્ય ચાર્જીસ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાને બેંકની સમગ્ર રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા / જામીનદાર અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિકયોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા પેટા કલમ (૪) અને કલમ ૧૩ તથા નિયમ ૮ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા. ૨૧.૦૬.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતોનો **પ્રત્યક્ષ કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તા/જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને સુચિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતનો સોદો કરવો નહીં અને મિલકતનો સોદો કરશે તો તે **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, ગંગાધરા શાખા, સુરત**ના બાકી લેણા **રૂા. ૭,૩૨,૭૨૬/- (રૂા. સાત લાખ બત્રીસ હજાર સાતસો છવીસ પુરા)** તા. ૧૯.૦૯.૨૦૨૫ના રોજ થી ચડત વ્યાજ, અન્ય ચાર્જીસ વગેરેના બોજા સહિત રહેશે. (કલમ ૧૩(૨)ની ડિમાન્ડ નોટીસ આપ્યા પછી આવેલ રકમ બાદ કરીને)

અહીં કરજદારનું ધ્યાન આકરૂષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતની વિગત

શ્રીમતી સવીતા ગીતાદેવી શિવકાંતા અને શ્રી સવીતા શિવકાંતા સંતોષકુમાર ની માલિકીની મિલકત જે પ્લોટ નં. ૧૪૦, ક્ષેત્રફળ ૪૮.૦૨ સ્કે. યાર્ડ, કેજેપી પછી બ્લોક નં. ૩૦૬/૧૪૦, ક્ષેત્રફળ ૪૦.૧૫ સ્કે. મીટર સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સાનો રોડ અને સીઓપીનો ક્ષેત્રફળ ૨૬.૨૩ સ્કે.મીટર, શ્રી ગોર્વધન ડ્રીમ રેસીડેન્સી, જે સ્થિત રેવન્યુ સર્વે નં. ૨૯૩, જુનો બ્લોક નં. ૩૫૩/એ, પછી રી-સર્વે નવું બ્લોક નં. ૩૦૬, ક્ષેત્રફળ હેકટર-એરા ૨-૫૯-૩૬ યાને કે ૨૫૯૩૬.૫૯ મીટર, રહેઠાણ લાયક બિન ખેતીલાયક જમીન પૈકી, મોજે-હલધરૂ, સબ જિ. અને તાલુકા-કામરેજ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત.

ચતુરસીમા : ● **ઉત્તરે** : પ્લોટ નં. ૧૩૯ ● **દક્ષિણે** : પ્લોટ નં. ૧૪૧ ● **પુર્વે** : પ્લોટ નં. ૧૨૩ ● **પશ્ચિમે** : સોસાયટી નો રોડ

સહી/-
તારીખ : ૨૧.૦૬.૨૦૨૬ — અધિકૃત અધિકારી,
સ્થળ : સુરત (વિવાદીત સ્થિતીમાં અંગ્રેજીની માન્ય ગણાશે) — **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા**

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વેને જણાવવાનું કે, ડિસ્ટ્રીકટ સુરત તાલુકો ઓલપાડના મોજે ગામ: **કુવાદના ખાતા નંબર : ૪૩૭, સર્વે નંબર : ૭૭/૪+૫, બ્લોક નંબર : ૪૯** થી નોંધાયેલી હે.આરે.ચો.મી. ૦-૨૮-૩૩ યાને ૨૮૩૩-૦૦ ચોરસ મીટર ક્ષેત્રફળ જમીન, કે જેનો આકાર રૂા. ૦૩-૫૬ પૈસા છે તે જુની શરતની ખેતીની જમીન તેના માલીક **દિલીપભાઈ ગણપતભાઈ પટેલએ** સદરહુ જમીનના તમામ રીતના ટાઈટલ કિલયરન્સ અને માર્કેટેબલ હોવાનું તેમજ સદરહુ જમીનના સંપૂર્ણ અને સ્વતંત્ર માલીક કબજેદાર તરીકે સદરહુ જમીનની તેમને એકલાને હરકોઈ રીતની વહીવટ વ્યવસ્થા કરવાનો હકક અને અધિકાર હોવાનું જણાવી મારા અસીલને તમામ હકકો સહીત વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે કોઈ વ્યકિત યા સંસ્થાનો, બેન્ક યા બેન્કીંગ જેવી સંસ્થાનો કોઈ પણ જાતનો લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો, સબંધ-હીત-દર-દાવો, હુકમનામું કે ખોરાકી પોશાકીના હકકો કે બોજો કે કબજો હોય કે સદરહુ વેચાણ કરવા સામે કોઈ પણ રીતનો વાંધો યા વિરોધ હોય તો તેમણે લેખીતમાં પુરાવા સહિત દીન-૭ (સાત) માં હમોને જાણ કરવી, મુદત વિત્યે કોઈના કશા પ્રકારના હકક-હિત-હિસ્સા, દર-દાવા, બોજા, સંબંધ કે કબજા નથી અને હોય તો તે છોડી દીધેલા છે, તેમ ગણી મારા અસીલ વ્યવહાર પુર્ણ કરી પાકા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ સહીતના ખાખણો કરાવી લેશે, તે બાદ કોઈની તર-તકરાર ધ્યાને લેવાશે નહી, તેની જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૨૪/૦૬/૨૦૨૬

અજયકુમાર કે. ગોહીલ એડવોકેટ
ઓફિસ: " વિજયા લક્ષ્મી હાઉસ ", બીજો માળ, પ્રોટોન પ્લસની પાછળ, વિજયા લક્ષ્મી સર્કલ પાસે, એલ.પી. સવાણી રોડ, અડાજણ, સુરત.-૩૯૫૦૦૯. મો.નંબર : ૭૬૦૦૦-૫૯૫૨૨

ટ્રસ્ટની મીલકતની ઓફર મંગાવતી જાહેરાત

આથી જાહેર જનતાને જણાવવાનું કે, શહેર સુરતના ભાગાતળાવ વિસ્તારમાં આવેલ વોર્ડ નં. ૧૧, નોંધ નં. ૨૨૧ થી નોંધાયેલ મીલકત જેનું ક્ષેત્રફળ આશરે ૮૩૮.૫૭ ચો.મી. છે તે મીલકત શ્રી ડીંડુ મહેશ્વરી વણીક પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ, નોંધણી નં.ઈ/૧૪૮૧/સુરત ટ્રસ્ટની માલીકીની છે અને સદરહુ મીલકતની સામે કુવાડા રોડ ડુમસ વિસ્તારમાં આશરે ૧૪૦૦ થી ૧૫૦૦ વાર મીલકત એન.એ. અને પ્લાન પાસ કરી તથા ચોકકસ શરતો જેમ કે ટ્રસ્ટની મીલકત મેળવી ટ્રસ્ટને અદલા-બદલીથી મીલકત આપવા માંગતી વ્યકિત/સંસ્થા દ્વારા ટ્રસ્ટને પોતાની મીલકતમાં અંડર ગ્રાઉન્ડ પાર્કિંગ, ૧૪ ફુટની હાઈટવાળો એ.સી.હોલ તથા બે માળનું બંધકામ થઈ શકે તેવુ મજબુત ફાઉન્ડેશન, પ્રથમ માળે બે સુવિધા સાથેના રૂમો, હોલમા લાઈટ, પંખા, એ.સી. જનરેટર અને હોલની બાજુમાં નાનો ગાર્ડન (લોન વાળો પાર્ટી પ્લોટ) ઉપરાંત રૂપિયા પચાસ લાખથી વધુ રકમ દાન આપી શકે તેવી વ્યકિત/સંસ્થા પોતાની ઓફર પોતાની મિલકતના પુરાવા સાથે દિન-૧૦માં અમો ટ્રસ્ટના એડવોકેટને નીચે જણાવેલ સરનામે લેખિત માં સીલ બંધ કવરમાં મોકલવા જણાવીએ છીએ.

ટ્રસ્ટ પોતાની મીલકત અદલા-બદલીથી આપી સામે ચોકકસ શરતો સાથે મીલકત પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી મેળવવા માંગે છે અને આપવાની થતી મીલકત સાર્વજનિક ટ્રસ્ટની માલીકીની હોય આ તમામ વ્યવહારો સંયુકત ચેરીટી કમિશ્નરશ્રી સુરતની કચેરીની પરવાનગીને આધીન રહેશે, તેવી સ્પષ્ટ શરત સાથે આ જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. ટ્રસ્ટીઓ અને ટ્રસ્ટના એડવોકેટની હાજરીમાં ખોલવામાં આવશે અને ત્યારપછી કોઈપણ ઓફર મંજુર/નામંજુર કરવી યા ફરી ઓફર મંગાવવી વિગેરે તમામ નિર્ણય લેવાની સત્તા ટ્રસ્ટીઓ પાસે રહેશે અને તેઓનો નિર્ણય આખરી રહેશે.

આ જાહેરાત અમારી સુચના મુજબ છે ટ્રસ્ટીઓ :

હર્ષદ એસ. પંડયા તે શ્રી ડીંડુ મહેશવરીવણીક પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટના એડવોકેટ
૩૦૧-૩૦૨, દલાલ ચેમ્બર્સ, બી.કે.સ્ટ્રીટ, નાનપુરા, સુરત.-૧

મોજે સોંદલાખારા, તા.ઓલપાડ નાં બ્લોક નં. ૫૬ વાળી ખેતીની જમીનનાં વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ ઓલપાડ સબડિસ્ટ્રીકટનાં મોજે ગામ : સોંદલાખારાનાં સર્વે નં. ૧૧/૨, જેનો બ્લોક નં. ૫૬, જેનો ખાતા નં. ૪૨૪ વાળી જુની શરતની ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ સુમારે હે.-આરે-ચો.મી. ૦-૧૧-૧૩, યાને ૧૧૧૩ ચો.મી. જેનો આકાર રૂા. ૨.૦૦ પૈસાવાળી ખેતીની જમીન **નરોત્તમભાઈ મકનભાઈ** ની સ્વતંત્ર માલીકી અને પ્રત્યક્ષ કબજા, ભોગવટાની ચાલી આવેલ છે. સદરહું જમીનનાં ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી મજકુર જમીન માલીકે મારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવા નકકી કરેલ છે. સબબ સદરહું જમીન અંગે કોઈનો કોઈપણ જાતનો હકક, હિત, સંબંધ, લાગભાગ, દરદાવો, લીયન, બોજો કે ભરણપોષણનાં હકકો હોય તો તે અંગેના દસ્તાવેજી પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ ની મુદ્દતમાં હમોને **"પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ"** સાથે લેખિતમાં જાણ કરવી, જેમાં કસુર થયે કોઈનો કોઈપણ પ્રકારનો સદરહું જમીન અંગે કોઈ લાગભાગ, હકક, હિત, સંબંધ નહી હોવાનું યા હોય તો છોડી દીધા હોવાનું ગણી મારા અસીલ મજકુર જમીન માલીક પાસેથી સદરહું જમીન અંગેનો કાયદેસરનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ ભવિષ્યમાં તે અંગેની કોઈ તર-તકરાર ચાલશે નહિ. જેની આથી લાગતા, વળગતા સર્વેએ નોંધ લેવી.

નોટીસ હમારી સુચનાથી આપેલ છે. [illegible]

ઓફીસ : નં. ૪, પહેલો માળ, ઝાંપા ફળીયુ, સુરત ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંકની સામે, ઓલપાડ, સુરત. મો.૯૯૧૩૩ ૧૬૧૧૬ — **ધવલ એમ. પટેલ** તે ખરીદનારના એડવોકેટ

મોજે વરીયાવના બ્લોક નંબર ૫૧૪/બ વાળી ખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

જીલ્લા સુરત ના તાલુકા કતારગામ ના ગામ **મોજે વરીયાવ** ના ખાતા નંબર ૨૯૧૪, **રેવન્યુ સર્વે નંબર ૫૬૭, બ્લોક નંબર ૫૧૪/બ** વાળી કુલ્લે હે. આરે. ૦-૩૧-૦૦ ચો.મી. અને આકાર રૂા. ૩.૪૩ પૈસા ધરાવતી બીનખેતી પ્રીમીયમ પાત્ર ખેતીની જમીન **તારાબેન પ્રવિણચંદ્ર પટેલ નાઓની** સ્વતંત્ર માલીકીની ચાલી આવેલ છે. સદરહું જમીન તેઓની સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા, વહીવટ-વ્યવસ્થા, ભોગવટાની તેમજ નકરજી, નબોજી ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી તમામ પ્રકારના બોજા રહિત હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહું જમીન ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હકક/હિસ્સા, દર/દાવા, જપ્તી, અવલ/જપ્તી, લેણું-બોજા, સોદા, સાટાખત, પાવર ઓફ એટર્ની યા કોઈ કોર્ટ પ્રકરણો વિગેરે હોય, તો તેમણે કાયદેસરના લેખીત પુરાવા સહીત દીન-૭ માં તે અંગેની સંપુર્ણ ખાત્રી રૂબરૂ મળી હમોને કરાવવી. મુદ્દત વિત્યા બાદ સદરહું જમીનમાં કોઈના કોઈપણ પ્રકારના હિત, સબંધ, હક, હિસ્સા કે લાગભાગ, દર/દાવા વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે. એમ માની લઈ મારા અસીલ મજકુર માલિકો સાથે વેચાણ અંગેના વ્યવહારો કરી, જરૂરી કાયદેસરના લખાણો જે તે માલીકો પાસેથી કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર તકરાર, વાંધો, વિરોધ ચાલશે નહી, તેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી. તા. ૨૪/૦૬/૨૦૨૬

૨૦૨, રાજદીપ કોમ્પલેક્ષ, સીગણપોર ચાર રસ્તા, વેડરોડ, કતારગામ રોડ, સુરત. મો.નં. ૯૯૨૪૬ ૪૧૦૨૮ — **ધવલ એ. ભલાણી** (એડવોકેટ) (અસીલની સુચના અને ફરમાઈશથી)

જાહેર ખબર

કમિશનર, કુટિર અને ગ્રામોદ્યોગની કચેરી
બ્લોક ૭, બીજો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

માનવ કલ્યાણ યોજના (વર્ષ : ૨૦૨૬-૨૭)

માનવ કલ્યાણ યોજના હેઠળ ગુજરાતનાં નાના પ્રકારના ધંધો/રોજગાર કરતા સમાજના નબળા વર્ગના લોકોને સહાયભૂત થવા માટે ટ્રેડ વાઇઝ સાધન/ઓજારના સ્વરૂપમાં ઇ- વાઉચર દ્વારા સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ લાભ મેળવવા ઇચ્છતા અરજદારોએ https://e-kutir.gujarat.gov.in/ પર તા.૩૧/૦૭/૨૦૨૬ સુધી ઓનલાઇન અરજી કરવાની રહેશે.

આપના ગામના VCE ધ્વારા પણ અરજી ઓનલાઇન વિનામુલ્યે ભરી આપવામાં આવશે, કોઇપણ પ્રશ્ન માટે હેલ્પ ડેસ્ક પર સંપર્ક કરવો.
૯૯૦૯૯૨૬૨૮૦/૯૯૦૯૯૨૬૧૮૦
માહિતી/૬૯૭/૨૦૨૬-૨૭

જાહેર નોટિસ - મોજે- ટીંબરવા

આથી જાહેર જનતા ને જણાવવાનું કે, ડિસ્ટ્રિક્ટ સુરત સબ-ડિસ્ટ્રિક્ટ ચોરાસી તાલુકાના **મોજે - ટીંબરવા** ગામની સીમના **બ્લોક નં. ૩૬ ખાતા નં. ૭૯** ની **હે. આરે. ૦-૩૫-૪૧ ચો. મી** ક્ષેત્રફળ ધરાવતી ખેતીની જમીન **(૧)ધીરુભાઈ ઠાકોરભાઈ** ના